સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

સિલાઇ તો થઇ નહીં વચનોથી વેતરી ગયા!
મોંઘવારી ના ઘાવ પર ચળ કરી ખોતરી ગયા!
છેતરી ગયા દિવસે સ્વપ્નાં ને તારા બતાવી ને -
ચગ્યા'તા તો ચોવાટે, બેનર્સ જેમ, ઉતરી ગયા!

હાઈકુ

માંદુ વાછડું,
કૂદે ટેકાને ખીલે
માં હરખાય..
(મનમોહન-નાણાકીય નિર્ણયો)

રાત ગૈ વાત,
લ્યો! મળશું હવે તો -
આવતા ભવે!
(ચૂંટણી પછી -
તમે કોણ અમે કોણ?)

ચિંતન

ન સારણીયા ધીરેણ રસના નીરસે જને ।
કો નામ કુરૂતે ફેરૌ નાયકઃ સાયક ક્ષતિમ્ ॥

'ધીરજવાન અને સમજું મનુષ્યે પોતાની મૂલ્યવાન અને સારથી ભરેલી વાણીનો, નીરસ મનુષ્યો આગળ વ્યર્થ વ્યય કરવો નહીં, એવો તો કયો શિકારી હશે જે શિયાળના શિકાર માટે હાથે કરીને પોતાનાં મૂલ્યવાન બાણોને બગાડે?'

આજની યુવા પેઢી, અને એમાંય કંઇક કોઇક ડીગ્રી કે તકનીકી જ્ઞાન પ્રાપ્ત કરી લીધું હોય તો તો આકાશમાં ઉડવા લાગે છે-વડીલો જે જૂની વિચારશ્રેણી પેઢી-દર-પેઢીનું કુટુંબ પરિવારના રીત-રિવાજ, જૂના ડોશી વૈદોના અનુભવ જે સફળ પરિણામો આપનારા હોય છે તેમની સલાહ-સૂચન એમને વાહિયાત લાગે છે અરે! વિના માગ્યે પણ જો માર્ગદર્શન આપવાની ભૂલ કરી નાખીએ તો નાક કપાવવાની કે અપમાનની તૈયારી રાખવી જ પડે!

આથી જ આ પ્રાચીન શ્લોકમાં સલાહ આપી છે કે જેને પોતાનું માન-સ્વમાન સાચવવું હોય એવા વડીલોએ પોતાની મૂલ્યવાન-અનુભવી અને સત્સંગ-વાચન દ્વારા વિકસેલી બુધ્ધિ અને વાણીનો આવા ભેંસાઓ આગળ, નીરસ-અબૂધ ઉછૃંખલ યુવાનો પાસે નાહક વ્યય ન કરવો. આવા લોકો પોતાને જ સર્વજ્ઞ માનતા હોય છે, ઠોકર વિના સમજતા નથી.

આવાં તુચ્છ પ્રાણી માટે આપણી મૂલ્યવાન વાણીનો બગાડ શા માટે કરવો?!

સુવિચાર

- પ્રાર્થનામાં માગણીઓ મૂકવી એનો અર્થ એ કે ઇશ્વરને તમે 'સર્વજ્ઞ' સરજતા જ નથી - **એસ. ભહાચાર્ય**
- જો તમે ઇશ્વર પાસે તમારી યાચનાઓની ઇચ્છા વ્યક્ત ન કરો તો તે તમારી અપેક્ષાઓથી પણ વધારે આપે છે - **ટેનિસન**
- પ્રાર્થનાઓ-ધૂન-ભજન કંઇ ડોશીમાઓનું 'ટાઇમ પાસ' નથી, પ્રાર્થના તો અંતરનો નાદ છે - **સ્વામી ચૈતન્ય**
- તમારો દરેક શબ્દ પ્રાર્થના બને અને દરેક કાર્ય યજ્ઞ બને એવું જીવન જીવો- **મિખાઇલ નેઇમી**
- હૃદયની વ્યથાની વેદના ઇશ્વરને વિદિત છે જ, પ્રાર્થના એ હૃદયનો તરફડાટ છે - **દાદા ધર્માધિકારી**
- એક મંત્ર કે શબ્દનું પુનઃ પુનઃ ઉચ્ચારણ એ પ્રાર્થના નથી, પરમાત્મા સાથે હૃદયની વાત એ પ્રાર્થના છે - **સ્વામી રામતીર્થ**

બોધ કથા

આજના યુવાનોને આપણા પ્રાચીન ગ્રંથો રામાયણ-મહાભારત 'આઉટ ઓફ ડેટ' લાગે છે. પ્રાચીન મંત્રો જો વિધિપૂર્વક-શ્રધ્ધાથી જાપ કરવામાં આવે તો નિશ્ચિત રૂપો ફળ આપનારા બને જ છે. રામાયણની ચોપાઇઓ, હનુમાન ચાલીસા, ગાયત્રી મંત્ર બધાં જ ખૂબ ચમત્કારિક પરિણામ આપનારાં છે. શ્રધ્ધા-વિશ્વાસ જરૂરી છે.

શ્રી મોરારી બાપુ હજુ બહુ ખ્યાત ન હતા ત્યારે કોઇ રેલ્વે સ્ટેશનને એક બાંકડા પર બેસી રામાયણ (જે સદા સાથે જ રાખતા) નો પાઠ કરતા હતા ત્યાં બે બાળકવાળો પરિવાર નાનાં નાનાં થેલા-થેલી સાથે આવ્યો અને બાપુની બાજુમાં ગોઠવાઇ ગયો.

યુવાનની નજર રામાયણ પર પડી, પૂછ્યું - એકને એક પુસ્તકનું વારંવાર રટણ કરવાનો કંઇ અર્થ ખરો?

બાપુએ કહ્યું, 'જો દૃષ્ટિ હોય તો દર વખતે નવું માર્ગદર્શન મળે' ને વાત ટૂંકાવી પાઠ કરવા લાગ્યા.

ટ્રેન આવી - બાંકડા સામે જ આવેલા ભરચક ડબ્બામાં બાપુ અને પેલ્લો યુવાન ચઢ્યા, સામાન ગોઠવી એક છોકરૂં જે પોતે લઇને ચઢયો હતો તે રડતું હતું. ત્યારે ખબર પડી મમ્મી રહી ગઇ છે. ટ્રેને ગતિ પકડી હતી. યુવાન બૂમો પાડવા લાગ્યો. કોઇએ સાંકળ ખેંચી, અને પત્ની ભેગી થઇ, હાશ કરી બેઠાં ત્યાં બાપુએ યુવાનને બોલાવી રામાયણની એક ચોપાઇ વંચાવી. રામ સખા તબ નાવ મંગાઇ, પ્રિયા ચઢાઇ, ચઢે રઘુરાઇ ॥

શ્રી રામે પહેલાં સીતાજીને નાવમાં બેસાડ્યાં પછી પોતે બેઠા - બાપુએ પૂછ્યું, કંઇ સમજ પડી?! યુવકે પગે પડી માફી માગી.

પ્રશ્ન સોનિયા કે નરેન્દ્ર મોદીનાં અંગત જીવનમાં ડોકિયું કરવાનો નથી, પ્રશ્ન છે નેતાઓની વિશ્વસનીયતાનો; નિષ્ઠાનો - જાતવફાઇ અને જાતસફાઇનો, જો નેતા એની અમુક બાબતોને 'અંગત' ગણીને પ્રજા સમક્ષ ખુલ્લી પાડવા ન માગે તો તે એનો મૂળભૂત અધિકાર છે

રાજકીય પડછાયા

- કેશુભાઈ દેસાઈ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓનાં પડઘમ વાગી ચૂક્યાં છે ત્યારે નરેન્દ્ર મોદીએ પગ નીચેથી સરી જઇ રહેલી ધરતી પર પકડ મજબૂત કરવા માટે એક પછી એક નવા દાવપેચ ખેલવા માંડ્યા છે. નરેન્દ્ર મોદી સામે સૌથી મોટો પડકાર કૉંગ્રેસે ઊભો કર્યો છે અને ક્યારેય એમના જ ગોડ ફાધરનો પાઠ ભજવી ચૂકેલાં પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલ પણ ચોર્યાશી વર્ષની જૈફ વયે કેડ બાંધીને એમની સામે પરિવર્તનનો શંખનાદ કરી રહ્યાં છે. નરેન્દ્ર મોદી પાસે વિકાસનો મુદ્દો જરૂર છે પરંતુ ફક્ત વિકાસની નીરસ વાતો કરીને પ્રજાને લાંબો વખત આકર્ષી શકાશે નહીં, એથીયે આ ખેલંદા રાજકારણીને ખબર હોય જ. તેથી કશુંક મસાલેદાર પીરસવાની પળોજણમાં એમણે કૉંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીના વિદેશ પ્રવાસના ખર્ચનો અતિ - સંવેદનશીલ અને એટલો જ રહસ્યમય મુદ્દો ઉપસ્થિત કરી દઇ કૉંગ્રેસી વર્તુળોને ઊંઘતા ઝડપી લીધાં છે. આ મુદ્દે કોઇ હરિયાણાના યુવાન આરટીઆઇ કાર્યકરે કેન્દ્ર સરકાર પાસે માહિતી માગી હતી અને તથાકથિત હરિયાણાના કોઇ અખબારે તેવું છાપી માર્યું હતું કે સોનિયા ગાંધીએ એમની અત્યાર સુધી ગોપનીય રાખવામાં આવેલી બીમારીની સારવાર માટે અમેરિકાનાં આંટાફેરા કર્યા એનો કુલ ખર્ચ ૧૮૮૦ કરોડ જેટલો થયો હતો, જે પાછો સરકારી તિજોરી દ્વારા ચુકવાયો હતો. નરેન્દ્ર મોદી જેવા ચબરાક રાજકારણી માટે આટલો મસાલો ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરવા માટે ત્રણ વરસ પછી રાજકોટ આવતાં કૉંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીના અને કૉંગ્રેસ પક્ષના ઢાંજા ગગડાવી નાખવા માટે પૂરતો જ થઇ શકે એમ હતો. પરંતુ કૉંગ્રેસ અને કેન્દ્ર સરકારે તાબડતોડ જે ખુલાસો કર્યો કે કરાવ્યા એથી નરેન્દ્ર મોદી રક્ષાત્મક સ્થિતિમાં મુકાઇ ગયા અને 'મારી માહિતી ખોટી સાબિત હશે તો હું સોનિયા ગાંધીની જાહેરમાં માફી માગી લઇશ, એવું નિવેદન કર્યા પછી પણ પોતાનું મૂળ ગાણું તો ગાતા જ રહ્યા.'

સોનિયા ગાંધીથી લઇ નરેન્દ્ર મોદી સુધીના સત્તાધીશો એમના ઘરમાં કે ઘર બહાર પ્રજાના જ પૈસે તાગડધિક્કા કરતા ફરે છે એ કોણ નથી જાણતું? બંધારણે એમને જાહેર લોકસેવક તરીકે કદાચ એવા અધિકારો પણ આપ્યાં છે. એથી રાજ્ય કે કેન્દ્રના મંત્રીઓ અને સચિવો કોઇને કોઇ નિમિત્ત શોધીને વિદેશપ્રવાસની મજા માણતા રહે છે. ખર્ચમાં કાપ મૂકવાના ઉદ્દેશથી અવારનવાર મંત્રીઓને બિઝનેસ ક્લાસને બદલે ઇકોનોમી ક્લાસમાં વિમાન પ્રવાસ કરવાની સલાહ બલકે નિર્દેશો પણ અપાતા રહ્યાં છે. છતાં હાથી તો એની જ ગતમાં ચાલતો રહે છે અને ચાલતો રહેવાનો - એમાં મીનમેખ નહીં!

નરેન્દ્ર મોદીએ જેવો સવાલ સોનિયા ગાંધીના પ્રવાસ ખર્ચ બાબતે ઉઠાવ્યો, એવો જ સવાલ ખુદ નરેન્દ્ર મોદીના જાપાન પ્રવાસ મુદ્દે પણ 'રાઇટ ટુ ઇન્ફર્મેશન'નાં કાયદા હેઠળ પૂછવામાં આવ્યો હતો. ગુજરાત સરકાર તરફથી હજી સુધી એ પ્રશ્નનો કોઇ જવાબ તે પ્રશ્નકર્યાને પ્રાપ્ત થયેલ નથી! સોનિયા ગાંધી વિશે છપાયેલી માહિતી સદંત્તર ખોટી છે, તેવો ખુલાસો કરાયો છે. વળી, કેન્દ્ર સરકારના મુખ્ય માહિતી કમિશ્નર પાસે આ અંગે કશી માહિતી જ નહીં હોવાનું પણ બહાર આવ્યું છે. આથી જનસાધારણનું કુતૂહલ તો શમવાને બદલે વધવાનું છે. માહિતી કમિશ્નર પાસે આ પ્રશ્ને કશી માહિતી જ ન હોય તો એનો અર્થ એ થાય કે સોનિયા ગાંધીનો ખર્ચ કદાચ કેન્દ્ર સરકારની તિજોરીમાં પડયો જ ન હોય; એમણે પોતાની એ અંગત મુલાકાતો અને પ્રવાસનો ખર્ચ કાં તો જાતે ભોગવ્યો હોય અથવા કૉંગ્રેસ પક્ષે અથવા રાજીવ ગાંધી ફાઉન્ડેશન જેવા કોઇ ટ્રસ્ટે એ જવાબદારી ઉપાડી હોય. બનવા જોગ કે આખી બિમારીની બાબતને જે રીતે ગોપનીય રાખવામાં આવી તે જોતાં એની તમામ વ્યવસ્થા પણ પૂરેપૂણે બિનસરકારી સ્તરે ગોઠવાઇ હોય.

પરંતુ નરેન્દ્ર મોદીની એ દલીલ વાજબી છે કે મેડમ સોનિયા પ્રવાસો પાછળ સરકારે કરેલા ખર્ચનો હિસાબ માગવાનો હર કોઇને અધિકાર હોવો જોઇએ. પ્રશ્ન સોનિયા કે નરેન્દ્ર મોદીનાં અંગત જીવનમાં ડોકિયું કરવાનો નથી. પ્રશ્ન છે નેતાઓની વિશ્વસનીયતાનો; નિષ્ઠાનો - જાતવફાઇ અને જાતસફાઇનો. જો નેતા એની અમુક બાબતોને 'અંગત' ગણીને પ્રજા સમક્ષ ખુલ્લી પાડવા ન માગે તો તે એનો મૂળભૂત અધિકાર છે. એ માટે એને દબાણ ન કરી શકાય. સોનિયા ગાંધીને એમની બીમારીનું નામ ન આપવું હોય તો ભલે ન આપે. પરંતુ જો જાહેર નેતા તરીકે, સરકારના એક ભાગ લેખે એ જાહેર તિજોરી પર બોજો બનતાં હોય તો એનો પાઇ પાઇનો હિસાબ જાણવાનો આ દેશના અદના નાગરિકને પણ હક છે. 'માહિતીનો અધિકાર' આપીને એમના જ નેતૃત્વ હેઠળ ચાલતી યુપીએ સરકારે આ નાગરિક અધિકારનું ગૌરવ કરેલું છે અને એના નામે પોતે ગૌરવ મેળવ્યું પણ છે. ઉત્તમ રસ્તો તો એ ગણાય કે નેતાઓ (સોનિયા ગાંધી - નરેન્દ્ર મોદી સહિત તમામ નાના મોટા બધા જ જાહેર સેવકો 'પબ્લિક સર્વન્ટસ' પોતાના તમામ ખર્ચ - અંગત કે જાહેર - અને શ્વેતપત્ર બહાર પાડે. ચૂંટણીની ઉમેદવાદી કરતી વખતે અને આવકવેરાનું રિટર્ન ભરતી વખતે પણ આપણા નેતાઓ બતાવવા જેટલું જ બતાવે છે, અને મોટા ભાગનું છુપાવવા જેવું છુપાવે છે. જો લોકોનો સાચો વિશ્વાસ કેળવવો હોય તો રાજકીય આગેવાનોએ કશું જ છુપાવ્યા વગર પોતે સરકારી પદ પર રહ્યા તે દરમિયાન પોતાના કાર્યક્રમો, પ્રવાસો કે અંગત કાર્યો પાછળ કેટલો અને ક્યા હેડે ખર્ચ કર્યો, તેની વીગતો એમણે વગર માગ્યે જાહેર કરવી જોઇએ. અત્યારે તો એનાથી તદ્દન જ ઉલ્ટું થાય છે. ક્યારેક સૌરાષ્ટ્ર રાજ્ય હતું ત્યારે એનાં પંતપ્રધાન ઢેબરભાઇએ પ્રજા સમક્ષ સાચા લોકસેવકનો ઉત્તમ નમૂનો રજૂ કર્યો હતો. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી બાબુભાઇ જશભાઇ પટેલની પારદર્શિતા જાણીતી છે. આપણા વર્તમાન મુખ્યમંત્રી સોનિયા ગાંધીના છેક '૯૪ થી ૨૦૧૨ સુધીના વિદેશ પ્રવાસો પાછળ કેન્દ્ર સરકારની તિજોરીમાંથી પડેલા ખર્ચના એમના શાસનકાળ દરમિયાન કરેલા પ્રવાસો, પ્રચાર મેળાઓ અને બીજા અનેક પ્રકારના અંગત ખર્ચનો હિસાબ આપવાની પણ તૈયારી રાખવી જોઇએ. પરંતુ રાજકારણમાં તો એકબીજાને ગંદા ચીતરવાની હરિફાઇ ચાલતી હોય ત્યાં આવી અપેક્ષા રાખવી એ એક પ્રકારના દિવાસ્વપ્નમાં રાચવા જેવી બાબત જ ગણાય. સોનિયા ગાંદી કે નરેન્દ્ર મોદી - આખરે તો એક જ માળાના મણકા છે, એ પ્રજાએ સમજી લેવાની જરૂર છે. ખુદ મહાત્મા ગાંધી પણ આજના આપણા રાજકારણીઓને સુધારી શક્યા હોય કે કેમ, એ પ્રશ્ન છે. વેદવ્યાસની જેમ એમણે તો ત્યારે જ હાથ અધ્ધર કરીને કહી દીધું હતું : મને કોઇ જ સાંભળતું નથી! હવે મારો કોઇને ખપ રહ્યો નથી...

માનવો દ્વારા પૃથ્વી પરનાં અસંખ્ય જીવોનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે ત્યારે શું આપણે અન્ય જીવો પ્રત્યેની આપણી જવાબદારી પ્રત્યે કદી સભાન પણે વર્તતા નહીં શીખીએ?

વન્યસૃષ્ટિ પરિચય

માનવની ઉત્પત્તિ - અન્ય જીવો માટે આપત્તિ

- હેમંત સુથાર

પૃથ્વી પરનો પ્રથમ જીવ આજથી ૩.૮ અબજ વર્ષ પહેલાં ઉદ્‌ભવ થયો / પેદા થયો. આ ગાળો વિવિધ જીવોની ઉત્પત્તિ, ઉત્ક્રાંતિ, અનુકૂલન વિકાસનો હતો. આ દરમિયાન ભૌતિક અને ખગોળીય આપત્તિઓના કારણે પાંચ વાર પૃથ્વી પર મહાવિલોપનો થયા અસંખ્ય જીવો મોટા પ્રમાણમાં મર્યા અને ઘણી જાતિઓ લુપ્ત પણ થઇ. ઘણાં જીવો નવેસરથી પાછા ઉદ્‌ભવ્યા. આમ, આજે પૃથ્વી પર વિવિધ જીવોની ૧૦૦ લાખથી વધુ જાતિઓ અસ્તિત્વમાં આવી ચુકી છે.

આ સમગ્ર જીવવિકાસ કાળમાં પૃથ્વી પર માનવનો પ્રવેશ ફક્ત ૨૦ લાખ વર્ષ પહેલાં થયો. માનવની ઉત્પત્તિ અન્ય જીવો માટે જાણે કે આપત્તિજનક બની ગઇ. પ્રારંભ કાળમાં માનવ શાહાકારી કે તૃણલક્ષી હતો તેનું આધારભૂત સંશોધન હાલમાં જ થયું છે. તેનો અર્થ કુદરતે તેને તૃણભક્ષી જીવોની કક્ષામાં જન્મ આપ્યો હતો. તે પાંદડાં, ફળો, બીજ જેવી વનસ્પતિ જન્ય ઉપજોનો ખોરાકમાં ઉપયોગ કરતો. તે ખેતી કરતાં પણ શીખ્યો. સમય વિતતો ગયો તેમ તેમ તે માંસાહાર તરફ પણ વધ્યો અને અહીંયાથી જ શરૂ થઇ અન્ય જીવો પરથી આપત્તિઓ.

માનવે પોતાની બુધ્ધિશક્તિથી હિંસક અને તાકતવર પ્રાણીઓને પણ વશ કર્યા. કેટલાક જીવો સ્વયં માનવ સાથે પાલતું બનીને ગોઠવાઇ ગયા. કેટલાકનો ખોરાકમાં જ ઉપયોગ થવા લાગ્યો. તેમાં દૂધ, ઇંડા અને માંસ પ્રાણીઓ - પક્ષીઓમાંથી મેળવવા માટે તેમનો ઉછેર પણ કરવા લાગ્યો.

ગાય, બકરી, ભેંસ, ઘેટાં, મરઘા જેવા પ્રાણીઓ સર્વ સામાન્ય થઇ ગયા. જ્યારે બળદ, ઊંટ, ગધેડા, ઘોડા, યાક, ખચ્ચર, જેવા પ્રાણીઓ આવન-જાવન વહનમાં ઉપયોગમાં લેવાવા લાગ્યા. અગાઉના સમયમાં ગામ અને નગરોમાં આવા પ્રાણીઓની વસ્તી સારા એવા પ્રમાણમાં હતી. જે આજે ટ્રક, રીક્ષા, મોટર સાઇકલો, કાર વગેરે જેવા આધુનિક સાધનો આવતાં તેવા પ્રાણીઓની ઉપયોગિતા ન રહેતા મોટા પ્રમાણમાં ઘટી ચૂકી છે.

અગાઉ પશુપાલન મુખ્ય વ્યવસાય ગણાતો જેમાં પાલતું પ્રાણીઓનો ઉછેર થતો. જ્યારે ઘણાં બધાં પ્રાણીઓ જંગલોમાંથી સીધા જ પકડીને લવાતાં જેમાં, હરણાં, સસલાં, ઓસ્ટ્રીચ, ઇન્ક, સાપ, વાંદરા, પક્ષીઓ, વાઘ, મગર, હાથી, સાંઢ, રીંછનો સમાવેશ થતો. માછલીઓ, કરચલા, ઝીંગા, ડોલ્ફીન, વ્હેલ, લોબસ્ટર, ઝીંગા, કાચબા, પ્રોન, જેવાં અસંખ્ય દરિયાઇ જીવોને દરિયામાંથી એટલે કે કુદરતી અવસ્થામાંથી કોઇ પણ પ્રકારની કાળજી કે પ્રમાણ નક્કી કર્યા વગર આડેધડ ટનબંધ જથ્થામાં વર્ષોથી પકડવામાં આવે છે. પરિણામે આજે વિશ્વના દરિયામાંથી દરિયાઇ જીવો મોટા પ્રમાણમાં ઘટી ગયા છે અને ઘણાં બધા લુપ્ત થવાના ભય હેઠળની કક્ષામાં આવી ચૂક્યા છે.

વિશ્વમાં આજે ઘણા બધાં જીવોનું ફેક્ટરી ફાર્મીંગ થઇ રહ્યું છે. ઓછામાં ઓછી કિંમતે, ખર્ચે, ઓછામાં ઓછા સમયમાં, વધુમાં વધુ માંસ, ઇંડા કે અન્ય ખાદ્ય પદાર્થો મળી રહે તો માટે આવા જીવો પર અત્યાચારો થઇ રહ્યાં છે. નિર્જીવ વસ્તુઓના ઉત્પાદનની રીતે આવા જીવોને કોઇ પણ જાતની લાગણી કે દયા વગર ક્રૂરતાપૂર્વક ઉછેરવામાં આવી રહ્યાં છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૭મી ઓક્ટોબર

- શબ્દના સાધક, અન્યાય સામે ઝઝૂમનારા શીખ ગુરૂ ગોવિંદસિંગની પુણ્યતિથિ - ૭.૧૦.૧૭૦૮.

ચંડી ચરિત્ર, કૃષ્ણ અવતાર જેવી કૃતિઓ લખી, સિંહ - જેવા નીડર બનો, સૂત્ર સાથે નામની પાછળ સિંહ શબ્દ લખાવ્યો, શીખ સમાજના સંગઠનકર્તા. શિસ્તબધ્ધ સૈન્ય તૈયાર કરાવ્યું. અનેક લડાઇઓ જીત્યા. સમાજમાંથી જાતિગત દ્વેષભાવ દૂર કરનારા નેતા ગુરૂ ગ્રંથ સાહેબ - ફરી લખાવ્યું.

- ૧૯૬૫ - મુંબઇમાં પ્રથમવાર ગેસ લાઇટ દીવાનો ઉપયોગ.
- ૧૯૫૩ - પાટનગર ચંડીગઢનો સ્થાપનાદિન.

- ૧૯૧૪ - મહાન ગઝલ ગાયિકા બેગમ અખ્તરનો જન્મ.
- ૧૯૦૭ - અનેકવિધ સાહિત્યસર્જક - પ્રાગજી ડોસાનો જન્મ.
- ૧૯૭૧ - કે કેલાપ્પન - કેરળનાં ગાંધીનું અવસાન.

બીન જામીની ગુના અંગે જામીન બાબતે સમજૂતી

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

ભારતીય ફોજદારી અધિનિયમ - ૧૯૭૩ ની કલમ-૪૩૭, ૪૩૮ અને ૪૩૯માં જામીન અંગે સમજૂતી આપવામાં આવેલ છે. જેને ગુનો કર્યો છે તેવી વ્યક્તિને પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારી વગર વોરંટે પકડે અથવા અટકમાં રાખે અગર તો ઉચ્ચ ન્યાયાલયમાં અગર તો સેશન્સ સિવાયની કોઇ પણ ન્યાયાલયમાં હાજર થાય અથવા હજુ કરવમાં આવો તો આવી વ્યક્તિને કલમ-૪૩૭ મુજબ જામીન ઉપર ન્યાયાધીશ મુક્ત કરી શકે છે. પરંતુ આવી વ્યક્તિ સેશન્સ ટ્રાયબલ ગુનામાં સંડોવાયેલ હોય અને આવી વ્યક્તિ મોતથી અથવા આજીવન કેદની સજાને પાત્ર ગુના માટે દોષિત હોવાનું માનવામાં આવે અને F.I.R માં તે પ્રમાણેની કલમ પોલીસ અધિકારીએ જણાવેલ હોય તો નીચલી અદાલતને છોડવાનો અધિકાર રહેતો નથી આવી વ્યક્તિને સેશન્સ અદાલત જામીન આપી શકે છે.

દોષિત વ્યક્તિને અગાઉ મોતની આજીવન કેદની કે સાત વર્ષ સુધીની કે તેથી વધુ કેદની સજા માટે દોષિત ગણવામાં આવ્યો હોય તો અગર તો એક યા વધારે જામીન ઉપર છોડવામાં આવ્યો હોય તો તે વ્યક્તિને પણ નીચલી અદાલત જામીન આપી શકશે નહીં.

પરંતુ આરોપી વ્યક્તિ ૧૬ વર્ષ કરતાં ઓછી ઉંમરની હોય સગર્ભા હોય વૃધ્ધ અશક્ત બિમાર વ્યક્તિ કે સ્ત્રી હોય તો તેને ન્યાયાધીશ વિવેકબુધ્ધિ ઉપર જામીન ઉપર મુક્ત કરી શકે છે.

સાત વર્ષ કે વધુ મુદ્દતની કેદની સજાને પાત્ર ગુનો હોય અથવા ભારતીય ફોજદારી અધિનિયમ પ્રકરણ :૬,૧૬,૧૭ મુજબનો ગુનો હોય તો આવી વ્યક્તિને ૪૩૭(૧) મુજબ જામીન ઉપર ન્યાયાધીશ શરતો આધીન જામીન ઉપર છોડી શકે છે તેમજ પોલીસ તપાસમાં આવી વ્યક્તિએ સહકાર આપવાની શરતે જામીન ઉપર મુક્ત કરે છે.

કલમ - ૪૩૮ મુજબ જામીન અંગે જો કોઇ વ્યક્તિને એવું માનવાને કારણ હોય કે બીન જામીની ગુનો કર્યાના આરોપસર પોતાને પકડવામાં આવશે ત્યારે તે આ કલમ હેઠળ સેશન્સ ન્યાયાલયને અરજી કરી ભવિષ્યમાં તેની ધરપકડ થાય તો તેવા સંજોગોમાં આગોતરા જામીન મેળવી શકે છે કોર્ટ વ્યાજબી કારણોસર આવા વ્યક્તિને શરતો આધીન જામીન આપે છે જે મુજબ પોલીસ અધિકારી તપાસમાં જ્યારે જ્યારે બોલાવે ત્યારે ત્યારે હાજર થઇ તપાસમાં મદદ કરવી, કેસની તમામ હકીકતથી અધિકારીને જાણકારી આપવી, ફરિયાદીને લાલચ, ધમકી કે વચન સીધી કે આડકતરી રીતે આપશે નહીં. ન્યાયાલયની પરવાનગી વગર ભારત છોડશે નહીં અગર તો પાસપોર્ટ હોય તો ન્યાયાલયમાં જમા કરાવશે. કલમ-૪૩૭(૩) મુજબ છોડવામાં આવેલ છે તેમ માનીને તે કલમની પેટા કલમ - (૩) મુજબ અન્ય શરતો આધીન આગોતરા જામીન નામદાર સેશન્સ કોર્ટ મંજૂર કરી શકે છે.

આવા જામીન મેળવનાર વ્યક્તિને એવા આરોપસર પોલીસ સ્ટેશનના અધિકારી ત્યાર પછી વગર પરવાનગીએ વોરંટે પકડે અને ધરપકડને સમયે જામીન આપવા તૈયાર હોય તો આવી વ્યક્તિને જામીન ઉપર છોડવામાં આવે છે, પોલીસ આરોપીના આગોતરા જામીન નામંજૂર કરવા અપીલ કરી શકે છે, તથા રીમાન્ડ માટે પણ અરજ કરી શકે છે. ગુણદોષ ઉપર અદાલત આવી અરજનો નિકાલ કરે છે, અગર તો આગોતરા જામીન અરજી નામંજૂર પણ કરી શકે છે.

કલમ-૪૩૯ સંદર્ભે જામીન અંગે ઉચ્ચ ન્યાયાલય કે સેશન્સ ન્યાયાલયની ખાસ સભા આપવામાં આવે છે.

કસ્ટડીમાં હોય તો તેવા ગુનામાં આરોપીને જામીન ઉપર છોડવાનો અને ગુનો કલમ - ૪૩૭ (૩) પ્રકારનો હોય તો તે પેરા કલમમાં જણાવેલ હેતુ માટે જરૂરી શરતો મુકી જામીન આપી શકે છે. પરંતુ જે ગુનાની ન્યાયિક કાર્યવાહી થઇ શકે તેવો ગુનો ન હોવા છતાં જે ગુનો આજીવન કેદની શિક્ષાને પાત્ર હોય તેવા ગુનાનો જે વ્યક્તિ ઉપર આરોપ હોય તે વ્યક્તિને જામીન ઉપર છોડતા પહેલાં પબ્લિક પ્રોસીક્યુટરને જામીન માટેની અરજીની નોટીસ આપવી શક્ય નથી તેવો પોતાનો લેખિત કારણસર અભિપ્રાય હોય તે સિવાય ઉચ્ચ ન્યાયાલયે કે સેશન્સ ન્યાયાલયે પબ્લિક પ્રોસીક્યુટરને જામીન માટેની નોટીસ કાઢી સરકાર પક્ષે સાંભળવા જોઇએ આવી જામીન અરજી ૪૮ કલાકમાં ફેંસલો કરવો જોઇએ, ચાર્જસીટ ૯૦ દિવસમાં ફાઇલ ના કરી હોય તો પણ આરોપીને જામીન મુક્ત કરવો જોઇએ.

નામંજૂર થયેલ જામીન અરજ બીજી વખત સમય સંજોગો બદલાતા તે જ જજ સમક્ષ જામીન માટે અરજ ગુજારી શકાય છે, એક કરતા વધારે ગુનામાં સંડોવણી હોય તો એક જ જામીન અરજમાં હુકમ કરી શકે છે.

દરેક વ્યક્તિને પોતાનો બચાવ કરવાનો નિર્દોષ પુરવાર કરવાનો તથા ખોટા ગુના હોય તો તેનાથી ધરપકડથી બચાવવા આગોતરા જામીન મેળવવાનો બંધારણીય હક્ક છે.